# અરવલ્લી જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ

બાયડ તા.૨૭

અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે યોજાઇ

બેઠકમાં બાયડના ધારાસભ્યશ્રી જશુભાઇ પટેલ દ્વારા માલપુર-બાયડમાં બંધ થયેલા એસ.ટી.ના રૂટ પુનઃ કાર્યરત, તાલુકામાં જ્યોતિ ગ્રામ યોજનાથી વંચિત ગામોમાં કામગીરી ઝડપથી પૂર્ણ કરવા, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું કેન્દ્ર ફાળવવા તથા પુરવઠા નિગમના ગોડાઉન તાલુકા કક્ષાએ ચાલુ કરવા અંગેના પ્રશ્નો રજુ કર્યા હતા જેને કલેક્ટરશ્રીએ તાકીદે નિરાકરણ લાવવા સબંધિત અધિકારીઓને સુચના આપી હતી.

બેઠકમાં ઉપસ્થિત જિલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણે પ્રશ્ન રજુ કર્યા હતા. બેઠકના બીજા ભાગમાં લોકોના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવી સમય મર્યાદામાં પૂર્ણ કરવા



અધિકારીને સુચનો આપતા જણાવ્યું હતુ કે ગ્રામ્યકક્ષાએ આવતા અરજદારો સાથે સૌજન્ય ભર્યુ વર્તન દાખવુ. આ ઉપરાંત બેઠકમાં તાબાની કચેરીઓનું નિરીક્ષણ, સરકારી લેણાની વસુલાત, પ્રજાના પ્રતિનિધિઓના પ્રશ્નોના નિકાલ સહિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. બેઠક સાથે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિ નિમિત્તે મોડાસાના ભામાશા હોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં તમામ અધિકારીઓને ઉપસ્થિત રહેવા અપીલ કરી હતી. આ બેઠક દરમ્યાન સરકારી કચેરીઓને ધુમ્રપાન નિષેધ તમાકુ મુક્ત કરવા વિશેષ કાર્યવાહી હાથ ધરવા માટેનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યુ હતુ. જિલ્લાની આંતરીક કચેરીઓના સંકલનની ચર્ચા કરતા કોરોના રસીકરણથી કોઇ અધિકારી –કર્મચારી કે અન્ય નાગરીક વંચિત ન રહી જાય તે માટે ખાસ ડ્રાઇવ યોજવા ની ચર્ચા કરી હતી તેમજ ગ્રામ્ય કક્ષાએ કાર્યરત કચેરીઓને નલ સે જલ અતર્ગત વિનામુલ્યે નળ જોડાણ આપવાની બાબતે ચર્ચા થઇ હતી. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી પ્રદિપસિંહ રાઠોડ, ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી દાવેરા, આદિજાતિ પ્રોજેક્ટ નિયામકશ્રી મુનિયા સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠા-અરવલ્લીમાં નાગપંચમી ઊજવાઈ



રાયગઢ, તા.૨૭

સાબરકાંઠા- અરવલ્લી જિલ્લામાં નાગપંચમીની ગ્રામ્યવિસ્તારોમાં પૌરાણિક પરંપરા મુજબ અનોખી શ્રદ્ધા સાથે ઉજવણી કરવામાં આવી હતી. નાગપંચમી પર્વે ગ્રામ્ય મહિલાઓએ માટીમાંથી નાગદેવતાની કૃતિ બનાવી દૂધ-માખણની ધારાવડી કરી બાજરો, મગ, મઠનો પ્રસાદ બનાવી નાગદેવતાના પૂજન-અર્ચન કર્યા બાદ પરિવારની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. પવિત્ર શ્રાવણ માસ એ તહેવારોનો રાજા ગણાય છે ત્યારે આજથી રાધણછઠ, શીતળાસાતમ, જન્માષ્ટમી સહિતના તહેવારોની શ્રદ્ધાળુ લોકો રંગે શ્રદ્ધાભેર ઉજવણી કરશે. શ્રાવણ માસના મુખ્ય તહેવાર જન્માષ્ટમી પર્વે બંને જિલ્લામાં અનેક દેવાલયોમાં દર્શનાર્થીઓ સરકારની કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરીને શ્રાવણ માસના પવિત્ર તહેવારોનું શ્રદ્ધાના માહોલ સાથે ઉજવશે.

## ગાંભોઈ પીએસઆઈ પી.પી.જાનીને ઈકોપ એવોર્ડ એનાયત એનાયત



ગાંભોઈ, તા.૨૭

પોકેટકોપની વ્યક્તિ સર્ચ એપ્લિકેશનની મદદથી જુલાઈ-૨૦૨૧માં ભરૂચ જિલ્લાના અપહરણના ગુનાની બે બાળકીઓ શોધી કાઢી પોલીસ તંત્રમાં ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી કરવા બદલ હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.પી.જાનીને 'ઈકોપ ઓફ ધી મંથ એવોર્ડ' ગુજરાત રાજ્ય ગાંધીનગર પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી આશિષ ભાટિયાના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.





હિંમતનગર શહેર ભાજપમાં શિક્ષક સેલમાં નિમણૂંક કરવામાં આવી. ભારતીય જનતા પાર્ટી દ્વારા હિંમતનગર શહેરમાં શિક્ષક સેલમાં સંયોજક તરીકે જે.ડી. પટેલ (ઈન્ચાર્જ પ્રિન્સિપાલ, આદર્શ વિદ્યાલય, મોતીપુરા) તથા સહ સંયોજક તરીકે પી. જે. મહેતા(હિંમત હાઈસ્કુલ, હિંમતનગર)ની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષક સેલમાં સભ્ય તરીકે શ્રીમતી વિદ્યાબેન કુલકર્ણી, કલ્પેશકુમાર પટેલ, જૈમીન કુમાર ભટ્ટ નૈષેધ કુમાર ભાટીયા, જગદીશભાઈ રાવલ તથા, ઋગ્વેદ કુમાર નાઈની પસંદગી કરવામાં આવી છે. બધા સભ્યોને અભિનંદન અને શુભેચ્છાઓ.

## શ્રી બી.એમ.પટેલ વિદ્યાલય ગલોડીયા ૫૩મા યુવા મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી



ખેડબ્રહ્મા, તા. ૨૭

શ્રી ગલોડીયા કેળવણી મંડળ સંચાલિત શ્રી.બી.એમ.પટેલ વિદ્યાલય,ગલોડીયા ખાતે ૨૫મી ઓગસ્ટે, ખેડબ્રહ્મા તાલુકાનાં ૫૩મા યુવા મહોત્સવની આનંદ-ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. સમારંભના અધ્યક્ષ સ્થાને શ્રી ડાહ્યાભાઈ એમ.પટેલ(બેંકર) સાહેબે સ્થાન શોભાવ્યું સમારંભના ઉદઘાટક તરીકે શ્રી ડી.પી.પટેલ સાહેબ (પૂર્વ આચાર્યશ્રી) મુખ્ય મહેમાન શ્રી વિનોદભાઈ પી.પટેલ (સરપંચશ્રી ગલોડીયા ગામ) તથા ગં.સ્વ.કુવરબેન વી.પટેલે સ્થાન શોભાવ્યું તથા શ્રી ગલોડીયા કેળવણી મંડળના પ્રમુખશ્રી પી.આર.પટેલ સાહેબ,મંત્રીશ્રી એન.ડી,પટેલ સાહેબ તથા કેળવણી મંડળના સભ્યશ્રીઓ તથા SVS કન્વીનરશ્રી કપિલભાઈ ઉપાધ્યાય,તાલુકાની વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ તથા ગલોડીયા ગામના આગેવાનશ્રીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા. સ્વાગત પ્રવચન શ્રી.કે.એ.પટેલીયા આચાર્ય શ્રી બી.એમ.પટેલ વિદ્યાલય દ્વારા કરાયું સમગ્ર યુવા મહોત્સવ ભોજનદાતા ગં.સ્વ. કુવરબેન વી પટેલ (સ્વ. વી.એફ.પટેલ, પૂર્વ પ્રમુખ શ્રી ગલોડીયા કેળવણી મંડળ ) પરિવાર રહ્યા વિમલ ધીરુભાઈ પટેલ તરફથી ધોરણ ૧૦ પ્રથમ ત્રણ ક્રમાંક ને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું. યુવા મહોત્સવમાં ખેડબ્રહ્મા તાલુકાની ૧૫ સ્કૂલોના ૨૯ શિક્ષકો,૧૦૫ સ્પર્ધકોએ વિવિધ પ્રવૃતિઓ જેવી કે ભજન સ્પર્ધા, લગ્નગીત, સમૂહગીત, લોકવાર્તા, લોકવાધ, એકપાત્રિય અભિનય, વકૃત્વ સ્પર્ધા , કાવ્ય લેખન જેવી પ્રવૃતિઓમાં ભાગ લીધો.

જેમાં શ્રી બી.એમ.પટેલ વિદ્યાલયનો લગ્નગીતમાં પટેલ સુષ્ટી.બી પ્રથમ ક્રમાક, વકૃત્વ સ્પર્ધામાં પટેલ જીત્યા.એસ દ્વિતીય ક્રમાક તથા ભજન સ્પર્ધામાં મકવાણા અંતરા. જી દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યા. સર્વે મહેમાનશ્રીઓ એ તથા આચાર્યશ્રીઓ એ ભાગ લેનાર સર્વેને બિરદાવ્યા. બાળક ની અંદર રહેલ શ્રેષ્ઠ ગુણો, કલા, હુન્નર ને બહાર લાવવાના ઉમદા આશયસાથે આનંદપૂર્ણ વાતાવરણ માં સાંજે મહોત્સવ પૂર્ણ થયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક હિતેષભાઈ બી. રાવલ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું.

## સિપુ ડેમ તળિયાઝાટક, ધાનેરાના સરહદી ગામોમાં ૧૪ વરસ બાદ જળ સંકટ, ૮૦૦ ફૂટે પાણી ગયા..!



પાલનપુર, તા. ૨૭

સિપુ ડેમમાં પાણી સુકાઈ જતા સૌથી વિકટ સમસ્યા ધાનેરા વિસ્તારના સરહદી ગામડાઓમાં જળ સંકટ સર્જાયું છે. જમીનમાં ૭૦૦ થી ૮૦૦ ફૂટ પર પણ પાણી નથી. પાણી પુરવઠા વિભાગ આ વિસ્તારમાં ૧૫ નવા બોર બનાવ્યા છે. આ વિસ્તારમાં વર્ષ ૨૦૦૯ - ૧૦ માં પાણીની વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી જે બાદ ચાલુ વર્ષે ઓગસ્ટ અંતમા પહેલી વાર પાણીની વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. ૨૦૦૯-૧૦માં તરાપાની મોટરથી જુજ જગ્યાએ જેમકે ધાખા,વિઠોદર,ખિમત ગામમાં બોર બનાવવાની જરૂરિયાત થઈ હતી પંરતુ ચાલુ વર્ષે તો ઓગસ્ટના અંતમા જ બોર સહિત સિપુડેમમા પણ નહીવત પાણી છે.

## પાલનપુરના ચિત્રાસણી નજીક બાલારામ પુલ પરથી સિમેન્ટ ભરેલી ટ્રક નીચે ખાબકી

પાલનપુર, તા. ૨૭

રાજસ્થાન તરફથી સિમેન્ટ ભરીને પાલનપુર બાજુ આવતી હતી. સદનસીબે ટ્રકના ચાલક અને ક્લીનરનો આબાદ બચાવ થયો હતો.



પાલનપુરના દિલ્હી હાઈવે પર ચિત્રાસણી નજીક બાલારામ પુલ પરથી સિમેન્ટ ભરેલી ટ્રક વળાંક દરમિયાન ૩૦ થી ૩૫ ફૂટ નીચે ખાબકી ગઈ હતી. રાજસ્થાન તરફથી સિમેન્ટ ભરીને પાલનપુર બાજુ આવતી હતી. સદનસીબે ટ્રકના ચાલક અને ક્લીનરનો આબાદ બચાવ થઈ ગયો હતો. જોકે બન્નેને નાની મોટી ઈજાઓ થતા બન્નેને ખાનગી વાહનમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્પીડ વધુ હોવાથી વળાંક દરમિયાન કાબુ ન રહેતા આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

## આદિજાતિ બાહુલ્ય ધરાવતા દાંતા તાલુકાના રંગપુર-કાંટીવાસ વિસ્તારમાં સાંસ્કૃતિક વારસાના પુનઃનિર્માણ માટે સરકારમાં દરખાસ્ત કરાઈ

**દાંતા તાલુકાના પ્રવાસ દરમ્યાન બનાસકાંઠા કલેક્ટર આનંદ પટેલે રંગપુર-કાંટીવાસ ડુંગરાળ વિસ્તારના પૌરાણીક સ્થળોની મુલાકાત કરી હતી**

અંબાજી, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લાના આદિજાતિ બાહુલ્ય ધરાવતા દાંતા તાલુકાના અંતરીયાળ વિસ્તારોમાં પ્રાચીન નગરીના દરબાર અને પ્રાચીન શિવ મંદિર આવેલ છે. દાંતા તાલુકાના પ્રવાસ દરમ્યાન બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલે રંગપુર-કાંટીવાસ અને ડુંગરાળ દરખાસ્ત કરી છે. ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હસ્તકની યોજનાઓ અંતર્ગત પુનઃ નિર્માણ માટે બોર્ડની ટીમ દ્વારા મુલાકાત લઈ સ્થાનિક સર્વે

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા કલેક્ટરશ્રી આનંદ પટેલની મુલાકાત દરમ્યાન રંગપુર- કાંટીવાસ ગામના ડુંગરાળ વિસ્તારમાં ઝાડી-ઝાંખરા મૂર્તિઓ ઝાડી- ઝાંખરામાં ધ્વસ્ત અવસ્થામાં વેર વિખેર પડેલ જણાઈ હતી. બાહ્ય આક્રમણકારો દ્વારા પાટણ પરની ચડાઈ દરમ્યાન પ્રાચીન માર્ગમાં આવતા છે. આ કલાકૃતિઓ તથા સ્થાનિક લોકોની માન્યતાઓને ધ્યાને લઈએ તો રામ દરબાર મંદિર સમૂહ જણાય છે. આ જ ગામમાં રામ દરબાર મંદિર સમૂહ પાસે વસ્તીની બહુલતા ધરાવતો તાલુકો છે ત્યારે આ મંદિરોના પુનઃ નિર્માણની કામગીરીથી આ વિસ્તારમાં આવેલા પૌરાણિક સાંસ્કૃતિક વારસાના જતન









અવશેષો હોવાની લોક વાયકાઓ સ્થાનિક લોકો દ્વારા જાણવા મળે છે. આદિજાતિ વિસ્તારમાં સાંસ્કૃતિક વારસા તરીકે સચવાયેલ દાંતા તાલુકાના રંગપુર- કાંટીવાસ ગામમાં રામ વિસ્તારના પૌરાણીક સ્થળોની મુલાકાત કરી હતી. આ વિસ્તારના સાંસ્કૃતિ વારસા અને આ મંદિર સમૂહના પુનઃ નિર્માણ માટે બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલે રાજ્ય સરકારમાં કરવા અંગે બનાસકાંઠા કલેકટરશ્રીએ સચિવશ્રી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગરને તા. ૧૯ ઓગસ્ટ-૨૦૧ના રોજ દરખાસ્ત મોકલી છે.

વચ્ચે અંદાજીત ૧૦૦ મી. ના વિશાળ વિસ્તારમાં ભવ્ય પૌરાણિક મંદિરોના સમૂહના અવશેષો જોવા મળ્યાં હતાં. આ અવશેષો પૈકી અનેક કલાત્મક શિલ્પ સ્થાપત્યો અને દેવી હિંદુ ધર્મસ્થળ તરીકે આ મંદિર સમૂહોને ધ્વસ્ત કરી હોવાની સંભાવના છે. હાલમાં આ અવશેષો અંતરીયાળ અને ઝાડી- ઝાંખરાવાળા વિસ્તારમાં પડેલ હોઈ ઘણા-ખરા અંશે સચવાયેલા પૌરાણિક શિવ મંદિરના ભગ્ન અવશેષો પણ આવેલા છે. જેને પણ ધ્વસ્ત કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. દાંતા તાલુકો રાજયના વિકાસશીલ તાલુકાઓ પૈકીનો આદિજાતિ ઉપરાંત આવનારા સમયમાં યાત્રિકોની અવરજવર થતાં પ્રવાસન વિકાસ અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો નિર્માણ પામશે. તેમ બનાસકાંઠા કલેક્ટર કચેરી દ્વારા જણાવાયુંછે.

## જન્મદિને વધામણી



ડૉ.આર. કે. પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી



વિનોદચંદ્ર પટેલ
મોડાસા, જિ.અરવલ્લી



શાસ્ત્રી જલેશભાઈ ભટ્ટ
(એસ્ટ્રોલોજી)
(મહાકાળી મંદિર પાસે)
બાયડગામમાં,
જિ.અરવલ્લી



અનિલભાઈ આર. પટેલ
(ગ્રંથપાલ : આકરૂન્દ
હાઈસ્કુલ)
ધનસુરા, જિ.અરવલ્લી



જયેશભાઈ એ. પ્રજાપતિ
આકરૂન્દ, તા.ધનસુરા



કેતનભાઈ એસ. પટેલ
(પ્રા.શિક્ષક) (શાંતિકુંજ સોસાયટી)
બાયડ(શીકાર)



સોનલબેન હેમંતકુમાર
ભાવસાર
(પૂર્વ સંગઠન મહામંત્રી : બાયડ
શહેર ભાજપ મહિલા મોરચો)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



નિશાબેન યાજ્ઞિકકુમાર
પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી